## ડાયરેક્ટ ❤ સે

કેવા સરસ હતા એ દિવસો! સ્કૂલમાં ઉદ્યોગ નામનો વિષય હતો, પણ સ્કૂલ નામનો કોઈ ઉદ્યોગ નહોતો.

## જન્મદિને વધામણી



કીર્તિકુમાર ઉપાધ્યાય
મો. ૮૧૬૦૫ ૨૪૯૧૦




કિરીટસિંહ પી સોલંકી
મો. ૯૯૯૮૮ ૬૫૫૫૨



દેવેન્દ્રસિંહ જી. ચુડાસમા
મો. ૯૬૨૪૦ ૨૦૪૨૦



જાહ્નવી વિરેન્દ્ર ઓઝા
મો. ૯૮૨૪૦ ૯૬૨૯૩



ગુણવંત ડી ગોહેલ
મો. ૭૮૭૮૦ ૨૪૬૫૬

## સરકારી વિજ્ઞાન કોલેજના વિદ્યાર્થીની જ્વલંત સફળતા




ગુજરાત યુનિવર્સીટી દ્વારા આયોજીત ઈન્ટરઝોન યુવક મહોત્સવમાં અત્રેની સંસ્થાના બી. એસ સી સેમ-૩માં અભ્યાસ કરતાં મેહુલ ગઢવી એ ગુજરાત યુનિવર્સીટીની ચારેય ઝોનની વકતૃત્વ સ્પર્ધામાં તૃતિય સ્થાન પ્રાપ્ત કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યુ છે. સરકારી વિજ્ઞાન કોલેજનો પરિવાર તેને અંભિનંદન પાઠવે છે.

# શિક્ષક સહાય યોજના અંતર્ગત સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા તા. ૧૬-૯-૧૭ને શનિવારના રોજ બપોરે ૩.૧૫ કલાકે જિલ્લા શિક્ષક ભવન ખાતે સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર સતિષભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી ડી.પી. દેસાઈ, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. એન.એમ. રાઠોડ, ડાયેટ પ્રા. પ્રાચાર્ય ઈન્દ્રવદનભાઈ પટેલ, રાજ્ય સંઘના પૂર્વ મહામંત્રી બળદેવભાઈ ચૌધરી તથા રમણભાઈ પટેલ તથા નાયબ જિ.પ્રા. શિક્ષણાધિકારી કિરણબેન પટેલ, સંજયભાઈ પરમાર, ૪ તાલુકાના તાલુકા પ્રા. શિક્ષણાધિકારીઓ અને સન્માનિત શિક્ષકોના સંતાનો અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં મહેમાનોના સ્વાગત સન્માન બાદ અસાધ્ય બિમારીથી પિડીત શિક્ષકોને રૂ. ૫ હજારની સહાયના ચેક કલેક્ટર તથા ડીડીઓના હસ્તે એનાયત કરવામાં આવેલ તથા શિક્ષકોના તેજસ્વી સંતાનોને ૧ થી ૩ નંબરને ૨૫ ગ્રામ, ૨૦ ગ્રામ નએ ૧૫ ગ્રામ ચાંદીની મુદ્રાથી ૧૪ બાળકોને સન્માનિત કરવામાં આવેલ અને ૯૮ બાળકોને સ્કૂલબેગ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. રાજ્ય કક્ષાએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં પહોંચેલ ૪ શાળાઓનું મોમેન્ટ આપી તથા રાજ્ય પારિતોષિક અને જિલ્લા અને તાલુકા કક્ષાએ એવોર્ડ મેળવનાર શિક્ષકોનું સન્માન કરવામાં આવેલ તથા શ્રેષ્ઠ કેળવણી નિરીક્ષક તરીકે એવોર્ડ મેળવનાર જીતેન્દ્રભાઈ મોદીનું સન્માન તથા ક્લાસ વનમાં પ્રમોશન મેળવનાર સંજયભાઈ પરમારનું મોમેન્ટો અને શાલથી સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક પ્રવચનમાં જિ.પ્રા. શિક્ષણાધિકારી એન.એમ. રાઠોડ દ્વારા જિલ્લાના બાળકોનું ગુણવત્તાસભર શિક્ષણ બનાવવા અને રાજ્યમાં મોખરાનું સ્થાન મેળવવા આહવાન કરવામાં આવેલ તથા જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલ દ્વારા શિક્ષકને વર્ગમાં રાખવાની અને અન્ય કામગીરી ન સોંપવાની હિમાયત કરવામાં આવેલ તથા જિલ્લા વિકાસ અધિકારી ડી.પી. દેસાઈ દ્વારા બાળકોમાં ગુણવત્તાસભર શિક્ષણ કઈ રીતે આપી શકાય તેના દાખલા સહિત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સંગઠન શિક્ષકોની માંગણીઓ સાથે રચનાત્મક અભિગમ સાથે આવા કાર્યક્રમો કરી શિક્ષકો, શાળાના આચાર્યો અને શિક્ષકોના સંતાનોને પ્રોત્સાહિત કરવામાં આવે છે તે પ્રવૃત્તિને બિરદાવવામાં આવેલ તથા જિલ્લા સંઘની આવી રચનાત્મક પ્રવૃત્તિઓ કરવા બદલ તેઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

કાર્યક્રમના અંતમાં આભારવિધિ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી જગદીશભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ અને સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ગુ.રા.પ્રા.શિ. સંઘના કાર્યાધ્યક્ષ વિક્રમસિંહ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું.



ગાંધીનગરની એસ.જી પ્રાથમિક શાળાના ધો- ૧ થી ૪ બધા જ વર્ગના બાળકો માટે વિવિધ ફૂલમાંથી તોરણ બનાવવાની પ્રવૃતિનું આયોજન થયું આ પ્રવૃતિમાં ધો-૧ થી ૪ ના વિદ્યાર્થીઓએ ઘરેથી વિવિધ પ્રકારના ફૂલો લાવીને વર્ગમાં તોરણ બનાવ્યા હતા.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા

# વિદ્યાર્થીઓ માટે બે નવા પ્રૉજેક્ટ શરૂ કરાયા

## ડ્રગના દુરુપયોગથી વિદ્યાર્થીઓને અવગત કરાવવામાં આવ્યા



ગાંધીનગર, તા. ૨૨

કડી સર્વ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ માટે સર્વ નેતૃત્ત્વ અને રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા બે નવા પ્રૉજેક્ટ શરૂ કરવામાં આવ્યા છે.

આ પૈકી પ્રથમ પ્રૉજેક્ટનો મુખ્ય ઉદ્દેશ યુવાનોને ડ્રગના દુરુપયોગ વિશે જાગૃત કરવાનો છે. આ પ્રૉજેક્ટમાં તમામ કૉલેજો અને શાળાઓમાં સમિતિ પણ રચવામાં આવશે. જેમાં દરેક સંસ્થાના વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને આચાર્યોનો સમાવેશ થશે. બીજા પ્રૉજેક્ટમાં યુવાનોને ભારતમાં અંગદાનની આવશ્યકતા પર માહિતી પૂરી પાડવામાં આવશે. આ બંને પ્રૉજેક્ટના ઉદ્દેશ પરિપૂર્ણ કરવા માટે સર્વે પણ કરવામાં આવશે.

આ બંને પ્રૉજેક્ટ માટે કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સંચાલિત તમામ કૉલેજો અને શાળાઓમાં કાર્યક્રમો કરીને જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવશે. જેના ભાગરૂપે કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ, સૅક્ટર-૨૩, ગાંધીનગર ખાતે બંને પ્રૉજેક્ટની શરૂઆત કરવામાં આવી હતી. નાર્કોટિક નિયંત્રણ બ્યુરોના ઝોનલ ડિરેક્ટર શ્રી હરિ ઓમ ગાંધીએ ડ્રગના દુરુપયોગ વિશે યુવાનોને શિક્ષિત કર્યા હતા. શતાયુના સીઈઓ ભાવન છાબરિયાએ અંગદાનના વિષયે જાગૃતિ ફેલાવવા પ્રયાસ કર્યો હતો.

આ બંને પ્રૉજેક્ટમાં ૮૫૦ કરતાં વધુ વિદ્યાર્થીઓને જાગૃત કરીને જોડવામાં આવ્યા છે. આ બંને વિષય પર વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. જેના જવાબ આપી વધુ ચર્ચા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમનું ાયોજન કડી સર્વ વિશ્વવિદ્યાલય, સર્વ નેતૃત્ત્વ, રાષ્ટ્રીય સેવા યોજના, નાર્કોટિક નિયંત્રણ બ્યુરો, અમદાવાદ, શતાયુ અને ગિફ્ટીંગ લાઈફ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે થયો હતો.

આ પ્રૉજેક્ટ તથા કાર્યક્રમને સફળ બનાવવા માટે રોનક કડીયા, સંકેત પટેલ, વિજેન્દ્રસિંહ, મીત કોયાણી, ૠતુ શાહ, શિવાની ભારદ્વાજ, અંજલી પટેલ, ડૉ. સુજલ પાઠક, ડૉ. ધર્મેન્દ્ર પટેલ, ડૉ. રણછોડ રથવી અને આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝા દ્વારા જહેમત ઊઠાવવામાં આવી હતી.

યુનિવર્સિટીના ચૅરમૅન વલ્લભભાઈ પટેલ અને કૉલેજોના આચાર્યોએ આવા સરસ પ્રૉજેક્ટની શરૂઆત બદલ અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી.

# બી.બી.એ. કૉલેજના વિદ્યાર્થીઓએ રામદેવ ફૂડ પ્રૉડક્ટની મુલાકાત લીધી



ગાંધીનગર, તા. ૨૨

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર ની બીબીઍ કૉલેજ પોતાના સ્થાપના વર્ષ ૧૯૯૯ થી ઍક યા બીજી રીતે વિદ્યાર્થીઓ નાં સર્વાંગી ઘડતરમાં અનેકવીધ પ્રવૃતિઓ દ્વારા અમૂલ્ય યોગદાન આપતી રહી છે. આજે દેશ - વિદેશમાં બીબીઍ કૉલેજ ગાંધીનગર નાં વિદ્યાર્થીઓ મેનેજમેન્ટ ક્ષેત્રે અમુલ્ય યોગદાન આપી રહ્યા છે.અને ઍજ પરંપરાને આગળ વધારતા અભ્યાસના ભાગ રૂપે તેમજ સાંપ્રત સમયમાં ઔદ્યોગીક ક્ષેત્રમાં ચાલતા વ્યહવારીક જ્ઞાનને પ્રત્યક્ષ રીતે સમજવા માટે ૭૧ વિદ્યાર્થીઓએ અમદાવાદ સ્થિત રામદેવ મસાલા પ્રાઈવેટ લિમિટેડની મુલાકાત લીધી હતી. કંપનીની સ્થાપના રામભાઈ છગનદાસ પટેલ નામના શ્રેષ્ઠી દ્વારા કરવામાં આવી હતી. હાલ કંપનીના ચેરમેન તરીકે હસમુખભાઈ કાર્યરત છે. કંપની દ્વારા ગત વર્ષે ૫૦ વર્ષ પૂર્ણ થતા તેની ઉજવણી કરવામાં અવી હતી.

આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓમાં ઔદ્યોગીક ક્ષેત્રેની કામગીરીનું વ્યવહારીક જ્ઞાન તેમજ કૌશલ્યોનો વિકાસ થાય તે હેતુથી વિદ્યાર્થીઓને બે જુથોમાં વહેંચાઈ ઈંડસ્ટ્રિનું જ્ઞાન મેળવ્યુ હતુ. વિદ્યાર્થીઓ નું ગ્રૂપ ઍક પછી ઍક વિવિધ પ્લાન્ટની મુલાકાત લીધી હતી. કંપનીના ઍચ. આર. એક્ઝિક્યુટિવ હેમંતભાઈ તેમજ અમિતભાઈ પાસેથી પ્લાન્ટ વિશેની માહિતી પ્રાપ્ત કરી હતી.

આ વિઝિટને સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટીના માર્ગદર્શન હેઠળ પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિના ઈંચાર્જ ડૉ.જયેશ તન્ના તેમજ પ્રો. માર્ગી દેસાઈ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# કૌન દેસ સે આયા હંસા, ઉતરના કૌન ઘાટ ?




માણસ બોલે છે, ટહુકતો નથી. કોયલ ટહુકે છે, બોલતી નતી. તફાવત સમજવા જેવો છે : ટહુકો કપટરહિત હોય છે, પરંતુ બોલવાનં કપટસહિત હોય છે. માણસ ટહુકતો થાય ત્યારે લોકો કહે છે, 'હૈયે ટાઢક વળી !' આ પુસ્તિકમાં થોડાક ટહુકા સાંભળવા મળે તો મારા શબ્દો ધન્ય ધન્ય !

ગુજરાતી સાહિત્યનું ગૌરવ એવા સારસ્વત ગુણવંત શાહે પોતાનાં બે નવાં પુસ્તકો 'ગાંધીનગર સમાચાર'ને ભેટ ધર્યાં છે. એ પૈકી પહેલા પુસ્તક 'ગુણવંતી ટહુકા'ની શરૂઆતમાં લેખક દ્વારા આ શબ્દો ટાંકવામાં આવ્યા છે.

ડૉ. દિનુ ચુડાસમાએ આ પુસ્તકની પ્રસ્તાવના લખી છે ને એમણે જ આ પુસ્તકનું સંપાદન કર્યું છે. પુસ્તકના નામ મુજબ જ એમાં લેખકના મીઠા ટહુકા સમાવવામાં આવ્યા છે :

- પોતાને પ્રાપ્ત થયેલા રોટલામાંથી માણસ જ્યારે કોઈ અજાણ્યા માણસને આપવા માટે પોતાનો રોટલો ભાંગે છે, ત્યારે સમગ્ર માનવતા સુગંધમય બને છે.
- શિક્ષણ એટલે આપણા આનંદમય અસ્તિત્વના ઉત્સવની સુગંધ.
- માણસે એક કિલોગ્રામ જેટલું વાંચવું જોઈએ અને એક ટન જેટલું વિચારવું જોઈએ.
- સુખી થવાની હઠ પકડ્યા વગર કોઈ માણસ સુખી થઈ શકતો નથી.
- આપણે ત્યાં જીવદયા જેટલી લોકપ્રિય છે એટલી માનદયા નથી.
- દરવાજો તોડીને મકાનમાં દાખલ થઈ શકાય, હૃદયમાં નહીં.
- પ્રેમનો સંબંધ તો વાદળોને પોતાના ખોળામાં રમાડતાં આકાશ સાથે છે.
- જે ક્ષણે આપણે સામા માણસને ન છેતરવાનો સંકલ્પ કરીએ છીએ તે જ ક્ષણથી આપણી પ્રાણઊર્જા વધવા લાગે છે.
- પ્રત્યેક કલાકારને ઝીણો તાવ રહેતો હોય છે જે થર્મોમીટર દ્વારા માપી શકાતો નથી.
- ગાંધીજી કોણ હતા તેની ખબર સૌને હોય, પરંતુ ગાંધીજી 'શું' હતા તેની ખબર બહુ ઓછા લોકોને હોય છે.
- અણગમતું કામ કરવામાં સફળ થવા કરતાં મનગમતું કામ કરવામાં નિષ્ફળ જવું સારું.
- બાળકને રસ્તે ચાલતી ઈયળ પર પગ ન મૂકવાની શીખ આપવી એ જેટલું ઈયળ માટે મૂલ્યવાન છે તેટલું જ બાળક માટે પણ છે.
- પ્રેમ કરવા માટે પાત્રને શોધવાની જરૂર નથી, પ્રેમને પાત્ર બનાવવાની જરૂર છે.
- 'પ્રિયજન' જૅન્ડર બાયસ વિનાનો અદ્ભૂત ગુજરાતી શબ્દ છે.

આ પુસ્તકમાં ૧૨૦ પાનાં સુધી આવા સુંદર ટહુકાઓ સમાવ્યા પછી ગુણવંત શાહનું પ્રશ્નોપનિષદ પણ આપવામાં આવ્યું છે, જેમાં સવાલો પણ તેમના છે અને જવાબો પણ એમના જ છે. ચિંતનના પ્રદેશમાં અનોખી સફર કરાવતા આ સવાલો ને જવાબો પણ અચૂકપણે વાચકોનાં હૃદયમાં ઊતરી જાય એટલા સક્ષમ ને અસરકારક છે. એ પૈકી એક નમૂનો :

પ્રશ્ન : આપઘાત કરવાની વૃત્તિ પ્રબળ બની જાય ત્યારે શું કરવું ?

જવાબ : અનાથ આશ્રમમાં જઈને સાવ અજાણ્યા બાળકને ચૉકલેટ આપવી અને એનું સ્મિત નિરખવું.

૧૨૧થી ૧૬૪મા પાના સુધી પ્રશ્નોપનિષદ જમાવ્યા પછી ૧૬૫મા પાનાથી લેખકના માત્ર સવાલો જ આપવામાં આવ્યા છે જે માણસને ભીતરથી ઢંઢોળી જગાડવા માટે સક્ષમ છે.

- ગતિને કોઈ મર્યાદા ખરી ? માણસ ઝડપ વધારીને આખરે ક્યાં પહોંચવા માગે છે ?
- જો એક ગીધ માટે જટાયુ બનવાનું શક્ય હોય તો પછી માણસ માટે રામ બનવાનું અશક્ય ખરું ?
- જે ભૂલો જ નથી પડ્યો એ રસ્તાનું મહત્ત્વ શું સમજે ?

પુસ્તકનું નામ : ગુણવંતી ટહુકા
લેખક : ગુણવંત શાહ
સંપાદક : ડૉ. દિનુ ચુડાસમા
પ્રકાશક : મીડિયા પબ્લિકેશન, જૂનાગઢ (ફોન : ૨૬૫૦૫૦૫)
કિંમત : રૂા. ૧૬૦/-


બીજું પુસ્તક છે 'ઘટ ઘટ મેં પંછી બોલતા', જેનો પરિચય સુંદર શબ્દોમાં અપાયો છે : પરિવારમાં વિચારોનું વૃંદાવન રચાય તેવું વિશિષ્ટ પુસ્તક.


૨૮૦ પાનાંના આ પુસ્તકમાં લેખકે ૬૪ અલગ-અલગ વિષયો પર ગમતીલું ચિંતન કર્યું છે. ઊગતો સૂર્ય વિચારો મોકલતો હોય છે, વિશ્વશાંતિ ક્યારે ? હળવુંખમ પતંગિયું, ગંગા, યમુના અને નાઈલનો ધર્મ છે : માતૃત્વ, કોકરવરણો તડકો અને મનનં મેઘધનુષ - એ આ ચિંતનના વિવિધ વિષયો છે. વાચનરસિકોએ વાંચવા જેવું આ પુસ્તક વાંચ્યા પછી આપોઆપ મમળાવવાનું મન થઈ આવે એવું અસરકારક છે.

આ પુસ્તકનાં કેટલાંક અવતરણો માણીએ :

- 'યોગ્ય નેતાગીરી મળે તો અહિંસક સત્યાગ્રહનું શસ્ત્ર પાણીદાર છે.'
- અહિંસા કેવળ ધાર્મિક સદ્ગુણ નથી, પરંતુ સામુહિક લડતમાં પણ એનો વિનિયોગ સફળ રીતે થઈ શકે છે.
- માત્ર યુદ્ધમાં જ નહીં, પરંતુ સત્યાગ્રહમાં પણ પ્રચારનું, નેતાગીરીનું, જોસ્સાનું, કુરબાનીનું અને શિસ્તનું મહત્ત્વ ઓછું નથી.
- જો પ્રજાને યોગ્ય રીતે તૈયાર કરવામાં આવે તો ગાંધીજીને માર્ગે સ્વરાજ મળે એ અશક્ય નથી.

પુસ્તકનું નામ : ઘટ ઘટ મેં પંછી બોલતા
લેખક : ગુણવંત શાહ
પ્રકાશક : આર આર શેઠ એન્ડ કંપની પ્રા. લિ. (ફોન : ૨૫૫૦૬૫૭૩, અમદાવાદ)
કિંમત : રૂા. ૨૫૦/-







(૧) પ્રથમ બિમસ્ટેક ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્સરસાઈઝ ૨૦૧૭ કયા સ્થળે યોજાઈ રહી છે ?
(એ) ગાંધીનગર
(બી) પંજાબ
(સી) મુંબઈ
(ડી) દિલ્હી

(૨) બિમસ્ટેક કેટલા દેશોનું બનેલું સંગઠન છે ?
(એ) ૫ (બી) ૬
(સી) ૭ (ડી) ૮

(૩) તાજેતરમાં બીસીસીઆઈ દ્વારા પદ્મભૂષણ ઍવોર્ડ માટે કોના નામનું સૂચન કરવામાં આવ્યું છે ?
(એ) વિરાટ કોહલી (બી) મહેન્દ્રસિંહ ધોની
(સી) રાહુલ દ્રવિડ (ડી) ભૂવનેશ્વર

(૪) કેન્દ્રીય કેબિનેટે રમતગમત અંગે કયા કાર્યક્રમને મંજૂરી આપી છે?
(એ) ખેલ જગત (બી) ખેલો ખેલાડી
(સી) ખેલો ઈન્ડિયા (ડી) આજ ખેલો

(૫) ભારતની કઈ નદીના વિશ્લેષણ માટે નાવ (બોટ) પર જ પ્રયોગશાળાની શરૂઆત કરવામાં આવી છે ?
(એ) ગંગા (બી) બ્રહ્મપુત્ર
(સી) યમુના (ડી) કાવેરી

(૬) વિશ્વના કયા દેશના સાઈકલ ચાલકે ૭૮ દિવસમાં દુનિયાનું ચક્કર લગાવી જૂનો ગિનીઝ રૅકર્ડ તોડી નાખ્યો છે ?
(એ) બ્રિટન (બી) ફ્રાન્સ
(સી) ઈટલી (ડી) જર્મની

(૭) વિશ્વની કઈ સૌથી ધનિક મહિલાનું પેરિસમાં નિધન થયું છે ?
(એ) લિલિયન બેનટીક (બી) લિલિયન લોરિયલ
(સી) લિલિયન એન્થની (ડી) લિલિયન બેટનકોર્ટ

(૮) વિશ્વની સૌથી ધનિક મહિલા લિલિયન બેટનકોર્ટ કઈ ગૃપ કંપની સાથે સંકળાયેલી હતી ?
(એ) લૉરિયલ (બી) જૉન્સન ઍન્ડ જૉન્સન
(સી) ફેસબૂક (ડી) માઈક્રોસૉફ્ટ

(૯) કયા દેશમાં નિર્માણ પામેલ ઉચ્ચ ક્ષમતાવાળું રેલ એન્જિન ભારતે પ્રાપ્ત કર્યું છે ?
(એ) અમેરિકા (બી) ફ્રાંસ
(સી) જાપાન (ડી) રશિયા

(૧૦) પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ખાલિદ લતીફ પર કેટલા વર્ષનો પ્રતિબંધ લાદ્યો છે ?
(એ) ૧ (બી) ૩
(સી) ૫ (ડી) ૭